# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ

## આજે પણ વધુ ૨ દર્દીના સારવાર દરમિયાન મોત : ગાંધીનગરમાં ૪, કલોલમાં ૭, માણસામાં ૩ અને દહેગામમાં ૧ કેસ નોંધાયો : ૧૫ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે કોરોનાના ૧૫ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમિયાન વધુ બે દર્દીના મોત થયા છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪૧ થવા જાય છે. જો કે જિલ્લા આરોગ્યતંત્રની યાદીમાં આ સંખ્યા ૩૫ જ બતાવવામાં આવી છે. જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમંથી મળતી વિગતો પ્રમાણે ૪ દર્દીઓના મૃત્યુ કોરોનાને કારણે નહિ થયાનું જણાતાં આ સંખ્યામાં ઘટાડો થયો છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે ડેથ એનાલીસીસ કરવામાં આવે છે અને તેને આધારે આ ઘટાડો જોવા મળી રહ્યો છે.

આજે જે બે દર્દીના મૃત્યુ થયા છે તેમાં એક કલોલનું અને એક ગાંધીનગર તાલુકામાં થયું છે. ગાંધીનગર તાલુકાના પોર ગામના એક ૭૨ વર્ષીય વૃદ્ધનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયુ છે. તેમને હાઈ બી.પી. અને ડાયાબીટીસની બિમારી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલના એક ૪૫ વર્ષીય યુવકનું પણ આજે સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે અવસાન થયુ છે. કલોલ અને ગાંધીનગરમાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યામાં વધારો થતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાં ચાર, દહેગામ શહેરમાં એક, માણસા તાલુકામાં ત્રણ અને કલોલ તાલુકામાં સાત કેસ નોંધાયા છે.

માણસા તાલુકામાં આજે ૩ કેસ જે નોંધાયા છે તે ત્રણેય દર્દીઓ માણસા શહેરના છે. જેમાં બે મહિલા દર્દીઓ છે. મળતી વિગતો પ્રમાણે માણસા ખાતે રહેતી અને સે. ૨૪ ખાતેના અર્બન હેલ્થ સેન્ટરમાં નોકરી કરતી એક મહિલા કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાએ આરોગ્ય વિભાગની ગાઈડલાઈન્સ મુજબ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તેણીનીને હોમ હાઈસોલેશનમાં રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત બે દર્દીઓને ગાંધીનગર ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવ્યા છે.

દહેગામ શહેરમાંથી ગઈકાલે મોડી સાંજે એક મહિલાનો રિપોર્ટપોઝીટીવ આવતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકાના જાસપુર, પાનસર ગામેથી બે યુવાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જ્યારે કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સહેરમાં એક દિવસના વિરામ બાદ આજે કોરોનાના વધુ ૪ કેસ નોંધાતાં તંત્ર સતત દોડતુ જોવા મળ્યુ હતુ. આ સાથે શહેરમાં કોરોનાના નોંધાયેલ કેસોની સંખ્યા ૨૧૦ પર પહોંચી છે.

આજે સે. ૨૯, સે. ૨૬, સે. ૩-એ અને સે. ૮-એ માંથી કેસો મળી આવ્યા છે. આજે મળેલ કેસોમાં એક મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૯ માં રહેતો અને કલોલ ખાતે ખાનગી સંસ્થામાં નોકરી કરતા એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માં આવેલ ગ્રીનસીટીમાં રહેતા અને હોટલના વ્યવસાય સાથે સંકળાયેલ ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં સિની. ક્લાર્ક તરીકે ફરજ બજાવતી એક મહિલા જે સે. ૩-એ માં રહે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

**સે. ૨૯, સે. ૨૬ (ગ્રીનસીટી), સે.૮એ અને સે. ૩-એ માંથી કેસો નોંધાયા**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની અમદાવાદની સી.જી. રોડ બ્રાન્ચમાં નોકરી કરતા અને સે. ૮-એ માં રહેતા એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાત ગાંધીનગરની

ઘનઘોર વાતાવરણમાં ગાંધીનગરની સવાર પડી હતી. એક તબક્કે તો મુશળધાર વરસાદના અણસાર અનુભવાતા હતા. મોરના ટહુકા સમગ્ર વાતાવરણને અષાઢી માહોલનો અહેસાસ કરાવતા હતા. માહોલની જમાવટ છતાં વરસાદનો છાંટોય ન પડતા પુનઃ મેઘરાજા હાથતાળી આપી જતાં રહ્યા હતા.

**સ્વર્ણિમમાં ધારાસભ્યો ઉભરાયા**

સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓની મુલાકાત માટે ધારાસભ્યો અને સાંસદોએ મોટી સંખ્યામાં પોતપોતાના વિસ્તારની રજૂઆત કરવા ઉમટ્યા હતા. બપોરે ૩ થી ૫ નો સમય ધારાસભ્યો માટે અનામત રાખવાના હૂકમના પગલે તમામ મંત્રીઓ પણ હાજર હતા. પુનમબેન માડમ અને જુગલજી ઠાકોર સહિતના સાંસદો, ઉપદંડક આર.સી. પટેલ સહિત અસંખ્ય ધારાસભ્યો અમદાવાદ કોર્પોરેશનના વિપક્ષી નેતા દિનેશ શર્મા સહિતના અનેક જન પ્રતિનિધિઓ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓને રજૂઆત કરવા ગાંધીનગર આવ્યા હતા.

**મંત્રીમંડળ વિસ્તરણની વાત વધુ એક વખત પાછી ઠેલાઈ**

સચિવાલયમાં ગયા અઠવાડિયે રાજકીય વર્તુળોમાં મંત્રીમંડળના વિસ્તરણની અને સંભવિત મંત્રીઓના નામો સહિતના પડીકા જોરશોરથી ચાલતા હતા પરંતુ આ બધી વાત પર હમણાં પડદો પડી ગયો છે. પેટા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પુરી ન થાય ત્યાં સુધી વિસ્તરણની વાત લટકતી રહેશે. અને એ જ રીતે પ્રદેશ પ્રમુખ અને સંગઠનની પુનઃ રચનાની વાત પણ લટકતી જ રહેશે.

**આઈએએસ-આઈપીએસની બદલીઓ હમણાં નહી**

સચિવાલયમાં ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીની વાતો અલગ અલગ રીતે એક મહિનાથી વહેતી હતી. કયા સચિવને કયો વિભાગ સોંપાશે એના તર્ક-વિતર્કો પણ સચિવાલયમાં ખૂબ છૂટથી કરાતા હતા પરંતુ રાજ્યના વર્તમાન સંજોગો જોતા હાઈ કમાન્ડે બદલીઓ નહી કરવાનુ મુનાસિબ માન્યુ છે. આઈપીએસ અધિકારીઓની બદલીઓનો તખ્તો તૈયાર હતો એમ કહેવાતુ હતુ પણ પોલીસ ભવનના અંતરંગ વર્તુળો એમ વિશ્વાસપૂર્વક કહે છે કે ઓક્ટોબર સુધી કોઈ આઈપીએસ અધિકારીની બદલી નહી થાય. અત્યારે તો માત્ર પ્રોબેશનરી આઈએએસ જેઓ આસિસ્ટન્ટ કલેક્ટરની જગ્યા પર મુકાયા છે એમની બદલીઓ નજીકના ભવિષ્યમાં થશે.

**વેપારી વર્ગમાં કહી ખુશી કહી ગમ**

ગઈકાલે મોડી રાત્રે અનલોક-૨ ની ગાઈડલાઈન જાહેર થયા બાદ આજે સવારે મુખ્યમંત્રીએ વેપાર-ધંધા માટે જાહેરાત કરી હતી કે દુકાનો આઠ વાગ્યા સુધી અને રેસ્ટોરન્ટ નવ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી અપાશે. શહેરમાં કેટલાક વેપારીઓએ આ જાહેરાતને આવકારી હતી પરંતુ કેટલાક વેપારીઓએ સમયની અવધી ઓછી હોવાનુ દર્શાવી નારાજગી દર્શાવી હતી. રેસ્ટોરન્ટ સાથે સંકળાયેલા વેપારીઓના કહેવા મુજબ રેસ્ટોરન્ટને દસ વાગ્યા સુધીની પરવાનગી આપી હોત તો અમારી ગાડી પાટે ચઢત. આ સમયમર્યાદા રેસ્ટોરન્ટ, હોટલ વ્યવસાય માટે અપૂરતી છે.

**અને છેલ્લે...**

આજે સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં ખૂબ મોટા પાયે કર્મચારીઓ-અધિકારીઓ નિવૃત્ત થયા છે. સામાન્યઃ નિવૃત્ત વિદાય સમારંભ, ભોજન સમારંભ જેવી ઔપચારિકતાઓ યોજાતી હોય છે પરંતુ આ વખતે કોરોનાની અસરથી નિવૃતિ વિદાય સમારંભો સાદાઈથી યોજાયા હતા. ભોજન સમારંભો અને નિવૃત્તિની પાર્ટીઓ પણ ક્યાંય ન યોજાઈ.



એ હમણાં આયો... એ હમણાં પડ્યો... આવુ કહી વરસાદમાં નહાવા ઉત્સાહી બનેલા નગરજનોને મેઘરાજા ફરી એકવાર છેતરીને, હાથતાળી આપીને છટકી ગયા... સમગ્ર ગુજરાતમાં મેઘ મહેરના વિવિધ સમાચારો સાંભળી અને જોઈને ગાંધીનગરાઓના મન વરસાદને વધાવવા તત્પર બન્યા છે. મંગળવારે સવારે આકાશમાં ઘનઘોર, ઘટાટોપ બનેલા વાદળો હમણાં તુટી પડશે અને શહેર આખુ પાણી પાણી થઈ જશે એવુ લાગતુ હતુ પરંતુ ગાંધીનગરાઓને છેતરવાની વૃત્તિ ધરાવતા મેઘરાજા પુનઃ વરસ્યા વગર જતાં રહેતા નગરજનો નિરાશ થયા. જો કે વાદળો ઘેરાતા અને ઠંડો પવન ફુંકાતા થોડીવાર માટે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# જિલ્લામાં ૧૦ હજાર હેક્ટરમાં મગફળીનું વાવેતર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ખરીફ પાકની વાવણીનું કાર્ય ધીમુ પડી જવા પામ્યુ છે. જો કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦ ટકા જેટલા વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થઈ ચુક્યુ છે.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ વાવણીનું કાર્ય ખેડૂતો દ્વારા બે તબક્કે થશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. આ વખતે વરસાદ ખેંચાતાં પાક-પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આ વર્ષે સારા ચોમાસાની આશા અને સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે થતી ખરીદીને પગલે વાવેતર વિસ્તારમાં વિક્રમી વધારો થવા પામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૧,૩૭૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ગયાનું જાણવા મળેલ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૪,૨૬૯ હેક્ટરમાં, દહેગામમાં ૧૫,૩૪૫ હેક્ટરમાં, કલોલમાં ૬૪૪૧ હેક્ટરમાં અને માણસામાં ૧૫,૩૧૮ હેક્ટરમાં વાવેતર સંપન્ન થઈગયુ છે.

**જિલ્લામાં મગફળીનું વિક્રમી વાવેતર : કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાના સંકેત : વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતીત બન્યા અને ખરીફની વાવણી ધીમી કરી**

જિલ્લામાં આ વર્ષે મગફળીના પાકનું વાવેતર ૧૦ હજાર હેક્ટર વિસ્તારમાં થયુ છે જે જિલ્લાના કૃષિક્ષેત્ર માટે એક વિક્રમી વાવેતર છે. ગત વર્ષે ૫૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ. હજુ ચોમાસુ બરાબર જામ્યુ નથી હજુ પણ આ પાકનું વાવેતર થશે તેમ ખેડૂતો પાસેથી સાંભળવા મળ્યુ છે.

કપાસનું વાવેતર ૧૭હજાર હેક્ટરમાં નોંધાયુ છે. જો કે આ વખતે જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસના વાવેતર વિસ્તારમાં સરેરાશ જે જિલ્લાની છે તેમાં ઘટાડો જોવા મળશે તેમ ખેડૂતોનું કહેવુ છે. મોંઘી મજૂરી અને શ્રમિકોની અછત એ મુખ્ય કારણ હોવાનું ખેડૂત આગેવાનો કહી રહ્યા છે. ડાંગરનો પાક ફેર રોપણીનો હોવાથી અને વરસાદ ખેંચાતા હાલ તેમાં સ્થગિતતા થોડીક જોવા મળી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૨૦૦ હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ છે.

જિલ્લામાં આ વર્ષે સોયાબીનની ખેતી પણ સારી એવી થતી જોવા મળી રહી છે. જિલામાં અત્યાર સુધીમાં ૩૫ હેક્ટર વિસ્તારમાં સોયાબીન ખેતી થઈ ચુકી છે. પહેલીવાર સોયાબીનની ખેતીનો પ્રયોગ પ્રયોગશીલ ખેડૂતો દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

શાકભાજીના પાકોનું વાવેતર પણ ૬ હજાર હેક્ટર વિસ્તારમાં થયુ છે. આ ઉપરાંત ઘાસચારાનું વાવેતર ૧૪,૭૫૦ હેક્ટરમાં થવા પામ્યુ છે. ઘાસચારાનું વાવેતર હજુ વધશે. જિલ્લામાં કૃષિ સાથે પશુપાલન પણ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યું છે ત્યારે આમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે જેથી ઘાસચારાની તંગી થાય નહિ.

જિલ્લામાં કઠોળના પાકોની વાવણીમાં ખેડૂતોએ હજુ જોઈએ તેવો ઉત્સાહ દાખવ્યો નથી. જો કે આગામી દિવસોમાં અડદ, તુવેર, મગનું વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં દિવેલા અને ગુવારના પાકનું વાવેતર પણ સારૂ

● અનુસંધાન પાન-૭ પર

## દહેગામના ધમીજ ગામે વીજળી પડતાં મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં ધમીજ ખાતે આજે વીજળી પડતાં એક વૃદ્ધાનું મોત થયું હતું.

દહેગામ ખાતે ૬૦ વર્ષીય વૃદ્ધા ખેતરમાં હતા ત્યારે તેમના પર વીજળી પડી હતી અને તેઓ મૃત્યુ પામ્યા હતા. આ વૃદ્ધાના વીજળી પડવાથી મૃત્યુના સમાચાર વાયુવેગે તાલુકામાં પ્રસરતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમ્યાન વીજળી પડવાથી અત્યાર સુધીમાં ૩ ના મોત થયા છે. આ અગાઉ માણસા તાલુકાના પુંધરા ગામે વીજળી પડતાં બે દિકરીઓના મોત નીપજ્યા હતા. જિલ્લા પંચાયત દ્વારા તેમના પરિવારને રૂ. ૮ લાખની સહાય ચુકવી આપવામાં આવી છે જે નોંધનીય છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે આકાશ સવારે ગોરંભાયુ હતુ પરંતુ મેઘો વરસ્યો ન હતો. કલોલ તાલુકામાં ૨ મી.મી. વરસાદ થયો હતો. જ્યારે દહેગામ, ગાંધીનગર અને માણસામાં વરસાદના સામાન્ય ઝાપટા પડ્યા હતા.

જિલ્લામાં આ વર્ષે ૧૭ટકા જેટલો સરેરાશ વરસાદ હજુ સુધી નોંધાયો છે. હવામાન ખાતા દ્વારા આજે વરસાદની આગાહી કરાઈ હતી પરંતુ કલોલ તાલુકામાં જ સવારે ૮ થી ૧૦ દરમિયાન ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જોકે બપોર પછી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને આકરો તાપ જોવા મળ્યો હતો.

## શહેરમાં સેન્ટ્રલ વર્જમાં પણ ગાબડા લોખંડની ગ્રીલ પણ તુટેલી હાલતમાં

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં હાલ માર્ગો તેમજ ફુટપાથની દશા બેઠી છે. શહેરમાં હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીએ બધુ રફેદફે કરી નાંખ્યુ છે. જયારે તોડવાનુ કામ કરતા કોર્પોરેશન દ્વારા ખોદકામ બાદ આમ નાગરિકોને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તેનો પણ જરા સુધ્ધા પણ ખ્યાલ રાખવામાં આવતો નથી બીજીતરફ નગરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ પણ હવે આકર્ષણ ગુમાવી રહ્યો છે. સેન્ટ્રલ વર્જમાં મુકાયેલી લોખંડની ગ્રીલમાં પણ ગાબડા પડયા છે. જયારે ક્રોસ માર્ગ પર ડિવાઈડરમાં પણ ઘણાં ઠેકાણે ભંગાણ જોવા મળી રહ્યુ છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર દુવિધાઓ જોવા મળી રહી છે. કેટલાક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે ગાબડા પડયા છે. જયારે ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થવાથી વરસાદી દિવસોમાં નવી સમસ્યા ઉભી થઈ છે. જયારે સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની ફરિયાદો વધી છે. સફાઈનો અભાવ વર્તાય છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર પણ અન્ડરપાસની કામગીરીના લીધે ટ્રાફિકની દ્રષ્ટીએ અવ્યવસ્થા ઉભી થઈ છે. બીજીતરફ શહેરના માર્ગ વચાળે સ્થિત ડીવાઈડર પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. માર્ગ વચાળે આવેલ ડીવાઈડરમાં કેટલાક ઠેકાણે ગાબડા જોવા મળે છે. નગરના માર્ગોના સેન્ટ્રલ વર્જમાં પ્લાન્ટેશન કરાયુ છે. રંગબેરંગી ફુલો નિખરી રહ્યા છે. પરંતુ સેન્ટ્રલ વર્જમાં છેલ્લા ઘણાં સમયથી ગાબડા જોવા મળી રહ્યા છે. માર્ગ વચાળે સ્થિત ડીવાઈડરમાં ગાબડા જોવા મળે છે. જેના લીધે રખડતા ઢોર પણ અંદર ઘુસી જાય છે. સેન્ટ્રલ વર્જમાં લગાવાયેલી ગ્રીલ પણ કેટલાક ઠેકાણે તુટેલી હાલતમાં છે. જયારે સેન્ટ્રલ વર્જમાં ક્રોસ રસ્તા પાસે જગ્યા ખુલ્લી રાખવામાં આવી છે. તેવા ભાગમાં પણ ભંગાણ થયેલુ જોવા મળે છે. આ ઠેકાણે લગાવાયેલા રીફલેકટર પણ તુટેલી હાલતમાં છે. જયારે કેટલાક ભાગમાં ટાઈલ્સ પણ ઉખડી ગઈ છે. શહેરમાં માર્ગો પર ખોદકામ બાદ ઘણાં ઠેકાણે રસ્તાઓ ઉબડ ખાબડ બન્યા છે. જયારે ફુટપાથનુ અસ્તિત્વ પણ જોખમાયુ છે. ફુટપાથ પર અસ્તિત્વમાં આવેલા ખાડા ખડીયાના લીધે નાગરિકો વોકીંગ કરવામાં પણ હાલાકી વેઠવી પડે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં એક

**સેન્ટ્રલ વર્જના કોર્નરમાં પણ ભંગાણ : વાહનચાલકો માટે અડચણ : નગરના સર્કલો તેમજ સેન્ટ્રલ વર્જની જાળવણીનો અભાવ : મુખ્યમાર્ગો પરની રોનક ઓસરી**

● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખનું યુદ્ધ સ્વર્ણિમ સંકુલ પહોંચ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેનો સંઘર્ષ તીવ્ર બનતો જાય છે.

મળતી વિગતો પ્રમાણે આજે સ્થાયી સમિતિની પેટા-સમિતિ જે તપાસ માટે નિમાયેલી છે તેમાં વહીવટીય પાંખ તરફથી એક પણ અધિકારી હાજર રહ્યા ન હતા.

બેઠક પૂરી કર્યા પછી આ સમિતિના સભ્યો સચિવાલય સંકુલના સ્વર્ણિમ-૧ માં જતાં રાજકીય ઉત્તેજાનાઓ મનપાના સંકુલમાં પ્રસરી જવા પામી હતી. જોકે આજે વહીવટીય પાંખે સંપૂર્ણ મૌન આ મુદ્દે સેવવાની રણનીતિ અખત્યાર કરી છે.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં છેલ્લી પાંચ બેઠકથી કમિશનરશ્રી પણ ઉપસ્થિત રહેતા નથી અને સ્થાયી સમિતિની ઔપચારિક બેઠકમાં સભ્યોએ દુઃખ અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

મનપાની ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે છેલ્લા ઘણા સમયથી શીત યુદ્ધ હવે ખુલ્લુ થઈ ગયુ છે.

## વિધાનસભાની ૮ બઠકો માટે ૧૫ સપ્ટે. સુધીમાં પેટાચૂંટણી

ગાંધીનગર, તા. ૩૦

રાજયમાં ૮ વિધાન સભામા પેટાચૂંટણી મામલો જુલાઈના અંતિમ સપ્તાહમાં કેન્દ્રીય ચૂંટણીપંચ બહાર પાડશે નોટીફીકેશન. ૧૫ સપ્ટેમ્બર સુધી ચૂંટણી પરિણામો સાથે પૂર્ણ કરવામા આવશે. આ અંગે ચૂંટણી પંચે કવાયત હાથ ધરી છે. ૮ વિધાનસભા મતદાર સુધારણા યાદી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં બુથની સંખ્યા બમણી કરાશે. કોરોનાના કારણે બુથની સંખ્યા વધારવા કવાયત હાથ ધરાઈ છે.

## શહેરમાં ૨૪૦ કરોડના ખર્ચે ગટર લાઈનને અપગ્રેડ કરાશે

**ગટર લાઇનના ડાયામીટર બદલવા તેમજ નવા મેઇન હોલ બનાવવા પણ અનિવાર્ય છે : કામગીરી હાથ ધરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે**

ગાંધીનગર તા ૩૦

શહેરમાં ઉભરાતી ગટરોની ફરિયાદો ડામવા માટે તંત્ર પાસે હાલની સ્થિતિએ પર્યાપ્ત મેન પાવર કે મશીનરી નથી જયારે દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવા માટે હવે સ્માર્ટ સીટી અન્વયે ટુંકમાં જ કામ હાથ ધરાશે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે શહેરના સેકટરામાં નવી લાઈન નાંખવા માટેની કામગીરી શરૂ કરી દેવાશે.

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો રોજબરોજ કાને સંભળાય છે. શહેરના અસ્તિત્વકાળ દરમિયાન નગરમાં પાણી અને ગટર લાઈન નાંખવામાં આવી હતી .જયારે આજે સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે સેકટરોના વિકાસ અને વસતી મુજબ લાઈનની ક્ષમતા વધારવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ગટર લાઈનના ડાયામીટર બદલવા તેમજ નવા મેઈન હોલ બનાવવા પણ અનિવાર્ય છે. ગટરો ઉભરાવાની ફરિયાદોના કાયમી નિરાકરણ માટે નવી લાઈન નાંખવી જરૂરી છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટર વ્યવસ્થાને અપગ્રેડ કરવા માટે કરોડોના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જયારે સમગ્ર શહેરમાં જુની ગટર લાઈન બદલી નવી લાઈન નાંખવા માટે પણ આગામી દિવસામાં કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં ૪૦૦ થી માંડીને ૨૨૦૦ ડાયામીટરની નવી લાઈન નાંખવામાં આવશે.

**સ્માર્ટ સીટીની યોજના અન્વયે સેક્ટરોમાં ઉભરાતી ગટરોની ફરિયાદો ડામવા માટે ટુંકમાં આખરી આયોજન કરી દેવાશે**

શહેરના સેકટરોમાં ઉદભવતી ગટરો ઉભરાવાની ફરિયાદોને ડામવા તેમજ ગટર લાઈનની ક્ષમતા વધારવા માટે નવી લાઈન સહીત મેઈન હોલનુ પણ કામ હાથ ધરાશે. નગરના તમામ સેકટરોમાં ગટરની મુખ્ય લાઈન બદલાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૪૦ કરોડનો ખર્ચ કરાશે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે આ કામગીરી હાથ ધરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com